# IIT ના પ્રોફેસરો સ્ટૂડન્ટ્સને ટેક્નોલોજીના જ્યારે પોતાના બાળકોને ખેતીકામના પાઠ શીખવે છે

## એક વર્ષથી IIT ગાંધીનગર ખાતે ચાલતા ડે કેરમાં બાળકોને ફાર્મિંગ શીખવાડવામાં આવે છે

સિટી રિપોર્ટર @ahm_cb

આઈઆઈટી ગાંધીનગરના પાલજ કેમ્પસ ખાતે પ્રોફેસર અને અન્ય સ્ટાફ તરીકે ફરજ બજાવતા કર્મચારીઓના બાળકો માટે આઈઆઈટી દ્વારા 2014માં ડે કેર સેન્ટર શરૂ કર્યુ છે. આ ડેર કેરમાં છેલ્લા એક વર્ષથી 25 જેટલા બાળકો ફૂડનું મહત્વ સમજાવા માટે જાતે ખેતીકામ કરે છે.

યુનિક લર્નિંગ

25 બાળકો આઈઆઈટી કેમ્પસ ખાતે આવેલા ફાર્મિંગ ઝોનમાં જાતે જ જમીન ખેડે છે. જમીન ખેડ્યા બાદ બાળકો પ્રોફેસરો અને માળીની મદદથી વિવિધ પ્રકારના ફળ અને શાકભાજીનુ વાવેતર કરે છે. શાકભાજી વાવ્યા બાદ તેને રેગ્યુલર પાણી પીવડાવવુ અને જ્યારે પાક લણવાનો સમય આવે ત્યારે તેનો સંગ્રહ કરીને આઈઆઈટીમાં નેચલર ફૂડનો સ્ટોલ કરીને સેલિંગ પણ કરે છે.

આ અંગે આઈઆઈટીના ડિરેક્ટર સુધીર જૈને કહ્યું કે, 'આઈઆઈટીમાં કામ કરતા સ્ટાફના બાળકો માટે ડે કેર શરૂ કરાયુ છે. સામાન્ય રીતે બાળકો જમતી વખતે ફૂડનો બગાડ કરતા હોય છે, આથી બાળકોને અન્નની કિંમત અને ખેડૂતો ક્યા પ્રકારે પરસેવો પાડીને ખેતી કરે છે તેનો પ્રત્યક્ષ અનુભવ થાય તે માટે અમે બાળકોને ખેતીકામની તાલીમ આપી રહ્યા છે. આ પ્રવૃત્તિને કારણે બાળકોનો શારીરિક અને માનસિક વિકાસ ખૂબ ઝડપી થઈ રહ્યો છે.'

### ફાર્મિંગ સાથે યોગની પણ તાલીમ અપાય છે



આઈઆઈટી ગાંધીનગર ખાતે ચાલતા ડે કેરમાં બાળકોને ખેતીકામ ઉપરાંત યોગા, એરોબિક્સ, સ્પોર્ટ્સ એક્ટિવિટી, કૂકિંગ ટ્રેનિંગ અને વ્યકિતત્વ વિકાસની પણ તાલીમ અપાય છે. આઈઆઈટી ખાતે છેલ્લા બે વર્ષથી વિવિધ એક્ટિવિટીઓ થઈ રહી છે.

**Title: IIT ના પ્રોફેસ્સોરો સ્ટુડેંટ્સને ટચનોલોજી જયારે પોતાના બાળકોને ખેત કામના પાઠ શીખવે છે**

**Source: Divya Bhaskar/City Bhaskar Page No-2**
**Date: 27.04.2017**